## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



સાહેબ મને આ નબીરો હોય તેવુ લાગ્યુ અને વળી કાર ચલાવવા જતો હતો... એક્સીડન્ડ કરે તે પહેલા મે એને પકડી જ લોધો...!!

# સાદરા સાબરમતિ નદીમાં યુવક ડુબ્યો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના સાદરા ગામનો યુવક સાબરમતિ નદીના કિનારે વાસ કાપવા માટે ગયેલ યુવાન નદીમાં ડુબી જતા ગાંધીનગર ફાયર ટીમને જાણ થતા તાત્કાલીક સાદરા ખાતે પહોંચી નદીમાં શોધખોળ આદરી હતી. પરંતુ યુવકનો મોડીસાંજ સુધી પત્તો લાગતા એનડીઆરએફની ટીમને બોલાવવામાં આવી હતી.

મળતી વિગત મુજબ ગાંધીનગર સાદરા ગામનો શ્રમજીવી યુવાન આજે વહેલી સવારે સાબરમતિ નદીના ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હોવાની ઘટના સામે આવી હતી.સાદરા ગામમાં રહેતો ૩૩ વર્ષિય દિનેશ રતાજી ઠાકોર ઘર બનાવવા માટે વપરાતા વાસ કાપવાનું કામ કરતો હતો. આજે સવારે તેના મિત્ર ભુપત ઠાકોર સાથે ગામ નજીકથી પસાર થતી સાબરમતિ નદીના કિનારે વાસ કાપવા માટે નીકળ્યો હતો. સાબરમતિ નદીમાં સામે કિનારે જવા માટે એક રસ્તો જોઈને બંન્ને મિત્રો એ તરફ ગયા હતા. એ દરમિયાન દિનેશ નદીના ઉંડા ખાડામાં ગરકાવ થઈ ગયો હતો. જેથી મિત્ર દોડીને ગામમાં ગયો હતો. સમગ્ર બનાવથી ગ્રામજનોને વાકેફ કર્યા હતા.

જેથી ગ્રામજનો સાબરમતિ નદીએ દોડી ગયા હતા અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ત્યારે ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલીક સ્થળ પર પહોંચી નદીમાં ડુબેલા દિનેશ શોધવા માટે કવાયત હાથ ધરી હતી. પરંતુ કલાકોની શોધખોળ કરવા છતા દિનેશનો ક્યાંય પત્તો લાગ્યો ન હતો. ગ્રામજનો દ્વારા એનડીઆરએફની ટીમને જાણ કરાઈ છે. ત્યારે ગ્રામજનોએ જણાવ્યું હતું કે દિનેશ અને ભુપત બંન્ને મિત્ર છે અને ઘર બનાવવા માટે વપરાતા વાસ કાપનો ધંધો કરે છે. આજે સવારે બંને જણા નદીની સામે કિનારે ગયા હતા. જો કે રાત્રી દરમિયાન ધરોઈ ડેમમાંથી પાણી છોડવામાં આવતા નદીમાં પાણીનો પ્રવાહ હતો. ત્યારે દિનેશ સામે કિનારે જવા માટે સીધે સીધો જઈ રહ્યો હતો. તે દરમિયાન અચાનક યુવક ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. ફાયર બ્રિગેડની ટીમ દ્વારા યુવકની શોધખોળ કરાઈ હતી. પરંતુ યુવકનો પત્તો લાગ્યો ન હતો. જેથી એનડીઆરએફની ટીમને પણ બોલાવવામાં આવી છે.

# કોબા સામર્થ હેવન-૫ માં સોસાયટીના ચાર સભ્યોએ રહીશ પર હુમલો કર્યો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના કોબા કે રાહેજા માર્ગ પર સામર્થ હેવન-૫ સોસાયટી ખાતે મેઈન ગેટમાં બેરીકેટીંગ કરવા મુદ્દે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે સોસાયટીના એક સભ્ય પર અન્ય ચાર સભ્યોએ ઝઘડો કરી ગાળો બોલી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ઈન્ફોસીટી પોલીસ મથકે સોસાયટીના ચાર સભ્યો સામે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ કોબા કે રાહેજા માર્ગ પર સામર્થ હેવન-૫, સી-૬૦૪ ખાતે રહેતા મૌલિક દિલિપભાઈ પટેલ પરિવાર સાથે રહે છે અને અમદાવાદ ખાનગી કંપનીમાં સિનિયર એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. ગત તા.૩૦ જુલાઈના રોજ રાત્રીના આશરે અગીયાર વાગે સોસાયટીના મેઈન ગેટના બેરીગેટીંગ મુદ્દે સોસાયટીના રહીશોની બેઠક રાખવામાં આવી હતી. આ બેઠકમાં કેટલાક રહીશો બેરીગેટીંગના તરફેણમાં હતા. પરંતુ ફરીયાદી તેમજ સોસાયટીના અન્ય સભ્યો બાકીના સભ્યોને કહ્યું કે આપણે સોસાયટીના તમામ રહીશો પહેલા એક બેરીગેટીંગ બાબતે સર્વાનુમતે ઠરાવ પસાર કરીએ.ત્યારબાદ બેરીકેટીંગ કરવાનું નક્કી કરીએ. જેથી સોસાયટી રહેતા હિમાંશુભાઈ પટેલ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા. તેઓએ ફરીયાદીને ગાળો બોલી તુ આ નક્કી કરવાવાળો કોણ છે. તેમ કહી મૌલિકભાઈને ગાળો બોલવા લાગ્યા હતા.જેથી ગાળો બોલવાની ના પાડતા હિમાંશુભાઈનો પક્ષ લઈ અમારી સોસાયટીના સૃષ્ટીક પટેલ, સંજય પટેલ, તેમજ હર્ષ પટેલે પેટ, માથામાં અનો શરીરના અન્ય ભાગે ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા. જેથી સોસાયટીના અન્ય સભ્યોએ ફરીયાદીને વધુ મારમાંથી બચાવ્યો હતો. ત્યારબાદ હિંમાશુ પટેલે કહ્યું કે ભવિષ્યમાં જો તુ સોસાયટીની કોઈપણ બાબતમાં માથુ મારીશ તો તને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ફરીયાદીને ઈજા પહોંચતા સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા.જયાં ઓપીડી સારવાર આપવામાં આવી હતી.જયારે બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ચાર શખ્સો સામે ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સિવિલના કર્મચારી વિષ્ણુભાઈ નાયી વય નિવૃત થતા વિદાય સમારોહ યોજાયો





ગાંધીનગર, તા.૧

સિવિલમાં ફરજ બજાવતા વિષ્ણુભાઈ નાયી વય નિવૃત થતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઓપીડી બિલ્ડીંગ ખાતે તેમનો વિદાય સમારોહ યોજાયો હતો. વિષ્ણુભાઈ નાયીએ હોસ્પિટલના વિવિધ વિભાગમાં ફરજ બજાવી છે. સિવિલને ૩૫ વર્ષ સુધી તેમની સેવાનો લાભ મળ્યો હતો. ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો. નિયતિબેન લાખાણીએ પુષ્પગુચ્છ આપી વયનિવૃતિની શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે ડોકટર્સ, નર્સિંગ સ્ટાફ,વહીવટી સ્ટાફ, સહિતના કર્મચારીઓ મોટીસંખ્યામાં ઉપસ્થિત રહીને વય નિવૃત થતા વિષ્ણુભાઈને ફુલહાર, શાલ તેમજ મોમેન્ટો આપી સન્માન કરી તેઓનુ નિવૃત જીવન નિરોગી અને સુખમય પસાર થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે આરડીડી ડો. સતિષ મકવાણા, આરએમઓ સુધાબેન, ડો.ક્લ્પેશ જશપરા, ડો.જયદીપ ગઢવી, હાજર રહ્યા હતા.

# ગેરકાયદેસર સિલિન્ડર વેચાણ કરતા બે વેપારીને એસઓજી પોલીસે ઝડપ્યા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના રતનપુર ગામની સીમમાં આવેલ હાઈટેક કંપનીની મજુરોને રહેવાની કોલોની સામે પતરાની શેડવાળી ઓરડીમાં સિલિન્ડરનો સંગ્રહ કરી ગેરકાયદેસર વેચાણ કરતા બે વેપારીને સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમે ઝડપી પાડ્યા છે. પોલીસે ઓરડીમાંથી ૧૬ સિલિન્ડર રૂ.૪૧,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ એસઓજી પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે રતનપુર ગામની સીમમાં આવેલી હાઈટેક કંપનીની કોલોની આગળ આવેલ ખુલ્લી જગ્યામાં વેદ કિરાણા સ્ટોર ધરાવતા રજનીકાંત શંકરલાલ પટેલ તેમ હિંમતરામ માંગીલાલ કુમાવત પણ કરીયાણા વેપારની સાથે દુકાનની બાજુમાં પતરાના શેડની ઓરડીમાં રાંધણગેસના સિલિન્ડરનું ગેરકાયદેસર વેચાણ કરે છે.જેથી એસઓજીની ટીમે વૈદ કિરાણા સ્ટોરમાં દરોડો પાડી બંન્ને આબાદ રીતે ઝડપી પાડ્યા હતા.બાદમાં પોલીસે વધુ તપાસ કરતા નજીક આવેલી પતરાની ઓરડીમાં રાંધણગેસના ૧૬ સિલિન્ડર મળી આવ્યા હતા.

જેમાં ૮ સિલિન્ડર ભરેલા



અને ૮ સિલિન્ડર ખાલી હતા. જેમાં ૫ ભારત ગેસના અને ૩ સિલિન્ડર ઈન્ડેન કંપનીના હતા. જયારે ઓરડી શાહપુર ગામના દશરથભાઈ ભગવાનભાઈ પટેલ પાસેથી ભાડે રાખી હતી. આરોપીઓએ પતરાની શેડવાળી ઓરેડીમાં ગેરકાયદેસર તેમજ પાસ પરમીટે માણસોની જીંદગી ઝોખમમાં મુકાય તેવી રીતે રાંધણગેસના સિલિન્ડરો રાખ્યા હોવાથી ભવિષ્યમાં મોટી હોનારત સર્જાઈ શકવાની સંભાવના હતી. જેથી ગેરકાયદેસરની રાંધણ ગેસના બાટલા વેચી મારવાનું કૌંભાડ સામે આવ્યું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ચંદ્રાલા ગામની અઢી વીઘા જમીન પચાવી પાડનાર ચાર શખ્સો સામે ફરીયાદ

**એક સિઝન વાવેતર માટે આપેલી જમીન પર ચાર વર્ષથી ચાર શખ્સનો કબ્જો**

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના ચંદ્રાલા ગામની સીમમાં સર્વે નં.૪૧૫ પૈકી અઢી વીઘા જમીન ખેડુતે એક સિઝન વાવેતર કરવા આપી હતી. ત્યારે જમીનમાં કોઈપણ પ્રકારનો હકક હિસ્સો ધરાવતા નહી હોવા છતા વર્ષ-૨૦૧૯ થી ગેરકાયદેસર કબ્જો કરી જમીન પચાવી પાડનાર ચાર શખ્સો સામે ખેડુતે ચિલોડા પોલીસ મથકે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના ચંદ્રાલા ખાંટવાસ ખાતે રહેતા કાંતીજી સોમાજી ચૌહાણ પરિવાર સાથે રહે છે અને પેટ્રોલ પંપ ખાતે નોકરી તેમજ ખેતીકામ કરે છે. તેઓને સંતાનમાં ત્રણ દિકરા છે. જયારે ખેડુતને ત્રણ ભાઈઓ પૈકી સૌથી મોટા પ્રહલાદજી, તે પછી લક્ષ્મણજી અને ત્રીજા નંબરે તેઓ છે. જયારે લક્ષ્મણજી મરણ ગયેલ છે. જયારે તેમને એક કલ્પેશ નામનો દિકરો છે. જયારે ખેડુતને ચંદ્રાલા ગામની સીમમાં સર્વે નં.૪૧૫ વાળી જમીન વડીલોપાર્જીત છે. જેમાં ખેતીકામ કરે છે. આ જમીન પૈકી ઉતરના શેઢાવાળી અઢી વીઘા જમીન ગામના દિનેશજી વરવાજી ચૌહાણ, અરવિંદ વરવાજી ચૌહાણ, તેમજ માનાજી વરવાજી ચૌહાણને વર્ષ ૨૦૧૯માં એક સીઝન વાવેતર કરવા માટે આપી હતી. એક સિઝન વાવેતર કર્યા પછી જમીન પરત માંગી હતી.જેથી ત્રણેય જણાએ જમીન પરત આપી ન હતી. જયારે ખેડુતને તમારે જમીન પરત લેવી હોય તો પૈસા આપો નહીતર જમીન પાછી આપીશુ નહી. ત્યારબાદ જયારે પણ જમીન પરત માંગવાની વાત આવે તે સમયે ખેડુત સાથે ત્રણેય શખ્સો ઝગડતા હતા. જયારે જમીન પર કોઈપણ પ્રકારનો દિવાની, દાવો કે કેસ ચાલુ નથી. જયારે ખેડુતની અઢી વીઘા જમીન પર ત્રણ શખ્સએ ગેરકાયદેસર કબ્જો કરતા ચાર શખ્સો સામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધાઈ છે.

# કોટેશ્વર ગામે સ્ટ્રીટ લાઈટના અજવાળે બાજી માંડીને બેઠેલા ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા.૧

અડાલજ પોલીસ પેટ્રોલીગમાં હતી તે દરમિયા તેઓને બાતમી મળી હતી કે ગાંધીનગરના કોટેશ્વર ગામે મહાકાળી ચોકની બાજુમાં આવેલ સ્ટ્રીટ લાઈટના અજવાળે ખુલ્લી જગ્યાની બાજુમાં બાજી માંડીને બેઠેલા કેટલાક જુગારીઓ જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે દરોડો પાડતા જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. પરંતુ પોલીસે જુગારીઓનો પકડી પાડ્યા હતા.જેમાં નદીવાળા વાસ ખાતે રહેતા કરણ અર્જુનભાઈ ઠાકોર, મુખીવાસ ખાતે રહેતા સંજય ગાંડાજી ઠાકોર અને રાજુ રમેશ ઠાકોર મોટેરાનો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી લેતા રૂ.૧૨૮૦૦ તેમજ દાવ પરથી રોકડા રૂ.૩૧૦૦ મળી કુલ રૂ. ૧૫,૯૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી અડાલજ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સિવિલના ભોંયરામાંથી તાત્કાલીક ભંગારનો સામાન હટાવાયો

ગાંધીનગર, તા.૧

તાજેતરમાં અમદાવાદની રાજસ્થાન હોસ્પિટલના બેઝમેન્ટમાં આગ ભભુકી ઉઠી હતી. આ બેઝમેન્ટમાં હોસ્પિટનો ભંગાર પડી રહ્યો હતો. તેમાં અચાનક આગ ભભુકી ઉઠતા ફાયર ટીમના જવાનો દ્વારા લાખો લીટર પાણીનો છંટકાવ કરી કલાકોની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી લેવાયો હતો.



ત્યારે ગાંધીનર સિવિલ હોસ્પિટલના ઓપીડી બિલ્ડીંગના બેઝમેન્ટમાં પણ હોસ્પિટલનો ભંગારનો સામાન રાખવામાં આવ્યો હતો. જેથી રાજસ્થાન હોસ્પિટલ જેવી ઘટના ન ઘટે તે માટે ગાંધીનગર સિવિલના સત્તાધિશો સફાળા જાગી ગયા છે. આજરોજ ૫૦ થી વધુ વર્ગ-૪ ના કર્મચારીઓ દ્વારા બેઝમેન્ટમાંથી તમામ સામાન જુની બિલ્ડીંગના ઈ-૪ વોર્ડમાં ખસેડી દેવામાં આવ્યો છે. જયારે ટુંક સમયમાં ભંગાર વેચી મારવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવે તો નવાઈ નહી. પરંતુ લોખંડના ભંગાર વેચાણમાં પુંઠાકાંડ જેવું ના બને તે પણ સિવિલના સત્તાધિશોને જોવુ રહ્યું..?

# “પ્રીવેન્ટિવ કાઉન્સેલિંગ એટ ડોર-સ્ટેપ” સેવાઓનો પ્રારંભ

ગાંધીનગર, તા.૦૧

સૌપ્રથમવાર ભારતમાં રેયો હેલ્થકેર “પ્રીવેન્ટિવ કાઉન્સેલિંગ એટ ડોર-સ્ટેપ” સેવાઓની શરૂઆત કરવામાં આવિ છે. રૈયો હેલ્થકેરનું મિશન છે “હેલ્થી લાઈફ; હેલ્થી સોસાયટી” આ મિશન લાવવાનુ કારણ એ છે કે સમાજમાં નાગરિકોનો ડૉક્ટર પ્રત્યેના વિચારોમાં પરિવર્તન લાવવું.

હાલમાં સમાજમાં માત્ર બીમારી હોય ત્યારે જ નાગરિકો ડૉક્ટર પાસે જવાનું વિચારે છે, આ વિચારને “હેલ્થી લાઈફ, હેલ્થી સોસાયટી”ના મિશન હેઠળ એવું માનવું છે કે ડૉક્ટરની મુલાકાત માંદગીમાં લેવી તો જરૂરીજ છે પરંતુ જયારે વ્યક્તિ સ્વસ્થ હોય ત્યારે પણ ડોક્ટરની મુલાકાત લેવી વધુ મહત્વપૂર્ણ છે. તંદુરસ્ત સમયમાં ડૉક્ટરની મુલાકાત લેવી આજના સમયમાં વિશ્વમાં આ જાગૃતિ લાવવાની સૌથી વધુ જરૂર છે.

આ પ્રકારની સમજ આરોગ્ય નિવારણ છે. રેયો હેલ્થકેરની હેલ્થ પ્રીવેન્ટીવ કાઉન્સેલિંગ સેવાઓમાં ન્યુરોલોજી, ઓક્રોલોજી, ઓર્થોપેડિક્સ, કાર્ડિયોલોજી, ઈન્ફર્ટિલિટી, ફેફસા/અસ્થમા, સ્ત્રીરોગ અને ત્વચારોગ જેવી જોખમી સ્થિતિઓને રોકવા અથવા નિવારણ માટેનો સમાવેશ થાય છે.

સૌથી મહત્વની આ સેવા કોઈ ઓન-લાઈન હેલ્થકેર સેવા નથી, “ઘર આંગણે પ્રિવેન્ટિવ (નિવારણ) ડોક્ટરની” આ સેવા ઑફ-લાઈન છે, જેમાં અંતરાલ ચેક-અપ, નિદાન, નિવારણ સલાહ અને સ્વસ્થ જીવન માટે શું કરવું અને શું ન કરવું તે અંગે વ્યક્તિને ડૉક્ટર ઘર આંગણે આવીને નિવારણ કરશે. રેયો હેલ્થકેર સમાજમાં વ્યક્તિઓની નિવારક આરોગ્ય સંભાળ ને આગળ વધારવા અને વ્યક્તિગત સ્વસ્થ રાખવાનો વિચાર ધરાવે છે. આ સેવાઓ માટે ઈચ્છુક વ્યક્તિ તેના ફેમિલી ફિઝિશિયનનો સંપર્ક કરી શકે છે. વધુમાં રેયો હેલ્થકેરના સી.ઈ.ઓ. સંજય પરીખ એ “ધ સિક્રેટ ઓફ ક્વોલિટી લાઈફ સ્ટાઈલ” નામની પુસ્તક લખેલ છે. જેમાં માનવ આંતરિક અંગો અને જીવનશૈલીની માહિતીની ટીપ્સનો સમાવેશ થાય છે જે ૫૭ આવશ્યક ટોપિક્સ આરોગ્ય વિષયો સાથે આવરી લેવામાં આવતી તંદુરસ્ત અને ગુણવત્તાયુક્ત જીવનશૈલી વિશે વ્યક્તિઓને શિક્ષિત કરે છે.

# પાટનગરની સ્થાપના સમયે મૃત્યુ અને મનોરંજન ભુલાઈ ગયા હતા

**સ્મશાન કે થિયેટર જ બનાવવાનું રહી ગયું હતું : શહેરનો પ્રથમ નવરાત્રી મહોત્સવ સે.૧૬માં યોજાયો હતો : સિનિયર સર્કલ માત્ર ૨૫ પૈસા લઈને મહિનામાં ચાર ફિલ્મો દર્શાવતું : પ્રથમ વન મહોત્સવમાં ૩૦૦ રોપાઓનું વાવેતર કરાયું હતું**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણભાઈ બુચે જણાવ્યું હતું કે "પાટનગરની સ્થાપના થઈ ત્યારે મૃત્યુ અને મનોરંજન એ બે ભુલાઈ ગયા હતા. એટલે કે શહેરમાં સ્મશાન બનાવ્યું નહોતું તેમજ પાટનગર વાસીઓના મનોરંજન માટે કોઈ થિયેટર કે રંગમંચ પણ બનાવાયાં નહોતા. શહેરમાં જ્યારે પ્રથમ મૃત્યુ થયું ત્યારે સદગતની અંતિમક્રિયા માટે પેથાપુર સ્મશાને લઈ જવાયા હતા આ પછી શહેરમાં મુક્તિધામના નિર્માણનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. શહેરમાં સૌપ્રથમવાર સે.૧૬માં "સિનિયર સર્કલ"ની સ્થાપના કરવામાં આવી હતી જે અંતર્ગત ૧૯૭૧માં સે.૧૬માં પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાં શહેરના પ્રથમ નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નવરાત્રી મહોત્સવનું ઉદઘાટન તત્કાલીન રાજયપાલ કે. ટી. સતારાવાલાએ કર્યું હતું. નવરાત્રીના આયોજન માટે લકી ડ્રોની લોટરી ટિકિટ બહાર પાડીને ફંડ એકત્ર કરવામાં આવતું હતું સમયાંતરે લકી ડ્રો પર પ્રતિબંધ આવતા પછીથી વેપારી મંડળના નામે સેકટરની વિવિધ માહિતી સાથેની પુસ્તિકા પ્રકાશિત કરીને ફંડ એકત્ર કરવામાં આવતું હતું. આ ઉપરાંત નાગરિકોના મનોરંજન માટે માત્ર ૨૫ પૈસા લઈને વીસીઆર પ્લેયર પર મહિનામાં ચાર ફિલ્મો પ્રદર્શિત કરવામાં આવી હતી. આ ઉપરાંત સરકારના માહિતી વિભાગ દ્વારા પણ નાગરિકોના મનોરંજન માટે દરેક સેક્ટરમાં મહિનામાં એક વારવિના મૂલ્યે ફિલ્મ પ્રદર્શિત કરવાનું આયોજન કરવામાં આવતું હતું. આ પછી સેક્ટર-૨૧માં પતરાના શેડમાં શહેરનું પ્રથમ થિયેટર શરૂ થયું હતું. ગાંધીનગર વસાહત મહામંડળની સ્થાપના તા. ૮મી જુન ૧૯૭૦માં કરવામાં આવી હતી ત્યારબાદ શહેરનો પ્રથમ વન મહોત્સવ તારીખ ૧૧મી જૂન ૧૯૭૦ના રોજ સે.૧૬ ખાતે તત્કાલીન મુખ્યમંત્રી હિતેન્દ્રભાઈ દેસાઈ અને નાયબ વનમંત્રી પરમાનંદદાસ ઓઝાના મહેમાન પદે ઉજવાયો હતો જેમાં ૩૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. શહેરનો પ્રથમ રંગમંચ ગાંધીનગરના તત્કાલીન ધારાસભ્ય નરેન્દ્રસિંહ ઝાલાની ગ્રાન્ટમાંથી સેક્ટર-૧૬માં જ બનાવાયો હતો જેનું ઉદ્દઘાટન તત્કાલીન મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલે કર્યું હતું.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

# સ્થાપના દિવસે સંકલ્પ લઈને ફરી શહેરને હરિયાળુ બનાવીએ : મહેન્દ્ર દાસ

ગાંધીનગર, તા. ૦૧

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નંબર ૧૦ના કોર્પોરેટર મહેન્દ્રભાઈ પટેલ દાસે તેમના ૫૬માં જન્મદિવસ

**કોર્પોરેટરે તેમનો ૫૬મો જન્મદિન વૃક્ષારોપણ કરી ઉજવ્યો**



નિમિત્તે પણ કરી ઉજવણી કરી હતી. આ પ્રસંગે તેમને સંકલ્પ જાહેર કર્યો હતો કે "આ મારું ગાંધીનગર છે તેને હું વધુ હરિયાળું ગાંધીનગર બનાવીશ અને અન્યો પાસે સહયોગ માગીને હરિયાળા ગાંધીનગરને વધુ હરિયાળું બનાવવા પ્રોત્સાહિત કરીશ". આ ઉપરાંત આવતીકાલે તા.૨જી ઓગસ્ટના રોજ પાટનગરનો સ્થાપના દિવસ હોવાના ઉપલક્ષમાં તેમણે જણાવ્યું હતું કે "ગાંધીનગર મહાનગરના સૌ નગરજનોને મારી અપીલ છે કે "આપણુ ગાંધીનગર, હરિયાળુ ગાંધીનગર" બનાવવા ગાંધીનગરના સ્થાપના દિવસને સંકલ્પ દીવસ તરીકે ઉજવણી કરીને પર્યાવરણનું જતન કરવા કૃત નિશ્ચયી બનીએ. ગાંધીનગરના તમામ નગરજનો, સ્વૈચ્છિક - ધાર્મિક - સામાજિક સંસ્થાઓ, એનજીઓ, વહેપારી - ઔધોગિક- વસાહતી મંડળ - નવરાત્રિ - ગણેશ અને મહિલા - ભજન મંડળોમાં જોડાયેલા સૌ નાગરિકોને મારી મારી નમ્ર વિનંતી છે કે સમગ્ર ઓગસ્ટ મહિનામાં વધુમાં વધુ વૃક્ષોની વાવણી કરીને તેની જાળવણીની જવાબદારી નિભાવીએ. પ્રકૃતિના પ્રેમ સાથે અગસ્ત ક્રાંતિની શરૂઆત કરીએ તો મને લાગે છે કે સાચા અર્થમાં ગાંધીનગરના સ્થાપના દિવસની ઉજવણી કરી કહેવાશે."